# અગ્રતાક્રમ – ૦૪

પ્રશ્ન-૧ ગુજરાત રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટેનું પંચ (ઓ.બી.સી. કમિશન)ની **સ્થાપના** ક્યારે કરવામાં આવી ? તેમજ અત્યાર સુધી **કેટલા ચેરમેન**ની નિમણૂક કરવામાં આવી તેમજ આજ દિન સુધી કમિશન દ્વારા કેટલા **તજજ્ઞોની સેવાઓ** લેવામાં આવી ? ( શ્રી કનુભાઈ પટેલ – સાણંદ)

પ્રશ્ન-૨ કોઈ પણ જ્ઞાતિ/જાતિ કે જૂથનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ કરવા અંગેની **કાર્યપદ્ધતિ અને માપદંડો** શું છે. (શ્રી કાળુભાઈ ડાભી – ધંધુકા)

પ્રશ્ન:-૩ અન્ય પછાત વર્ગો માટેના પંચની રચનાથી લઈને આજદિન સુધી **કેટલી જાતિઓને** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવેશ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવેલ છે? તે પૈકી **કેટલી ભલામણોનો** રાજ્ય સરકાર દ્વારા **સ્વીકાર** કરવામાં આવેલ છે અને કેટલી ભલામણો **અનિર્ણિત** છે અથવા **અસ્વીકાર** કરવામાં આવેલ છે? (શ્રી લવીંગજી સોલંકી – રાધનપુર)

પ્રશ્ન:-૪ અન્ય પછાત વર્ગો માટેના પંચમાં અધ્યક્ષશ્રી સિવાય કેટલા **સભ્યોની નિમણૂક** કરવામાં આવી? અને જો સભ્યોની નિમણૂક કરવામાં ન આવેલ હોય તો નિમણૂક અંગે **કોઈ વિચારણા હાથ ધરવામાં** આવેલ છે કે કેમ?

પ્રશ્ન:-૫ અન્ય પછાત વર્ગો માટેના પંચમાં સભ્યોની **નિમણૂક ના કરવા** પાછળના શાં **કારણો** છે?

## ઓબીસી કમિશનમાં ચેરમેન અને સભ્યોની નિમણૂક બાબત

*15/4/2431 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ઓબીસી કમિશનમાં ચેરમેન અને કેટલા સભ્યો કાર્યરત છે અને ચેરમેન અને કેટલા સભ્યોની નિમણૂંક ક્યારથી બાકી છે, | (૧) વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: **-SSP/11-2010/174826/A થી** ઓબીસી કમિશનમાં ચેરમેન તરીકે શ્રી આર. પી. ઢોલરિયા, નામ. ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયધીશની નિમણૂક કરવામાં આવેલ છે. |
| (૨) ઉકત નિમણૂક બાકી રહેવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત નિમણૂક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---

પ્રશ્ન-૧ ગુજરાત રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટેનું પંચ (ઓ.બી.સી. કમિશન)ની **સ્થાપના** ક્યારે કરવામાં આવી ? તેમજ અત્યાર સુધી **કેટલા ચેરમેન**ની નિમણૂક કરવામાં આવી તેમજ આજ દિન સુધી કમિશન દ્વારા કેટલા **તજજ્ઞોની સેવાઓ** લેવામાં આવી ? ( શ્રી કેશાજી ચૌહાણ – દિયોદર)

જવાબ:- **માન.અધ્યક્ષશ્રી,**

નામ. સુપ્રીમ કોર્ટની બંધારણીય ખંડપીઠના ઈન્દ્રા સાહની કેસમાં તા.૧૬/૧૧/૧૯૯૨ના ચુકાદા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.)ની યાદીમાં કોઈ નવી જાતિ/જ્ઞાતિનો ઉમેરો/બાદબાકી કરવા રાજ્ય કક્ષાએ એક કાયમી સંસ્થાની સ્થાપના કરવા આદેશ આપવામાં આવેલ. જેના અનુસંધાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૦૩/૧૯૯૩ના ઠરાવથી અન્ય પછાત વર્ગોનું પંચ તરીકે એક કાયમી પંચની રચના કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

અન્ય પછાત વર્ગો માટેના કમિશનમાં અત્યાર સુધી **૩ ચેરમેનની** નિમણૂક કરવામાં આવી છે. (૧) શ્રી પી.આર.ગોકુલક્રિશ્નન, નામ.ગુજરાત હાઈકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયાધીશ (૨) સુશ્રી સુજ્ઞાબેન ભટ્ટ, નામ.ગુજરાત હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશ (૩) શ્રી આર.પી.ઢોલરીયા, નામ.ગુજરાત હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

(૧) શ્રી પી.આર.ગોકુલક્રિશ્નનના કાર્યકાળ દરમિયાન **કુલ ૫** તજજ્ઞોની સેવાઓ લેવામાં આવી હતી. (૨) સુશ્રી સુજ્ઞાબેન ભટ્ટના કાર્યકાળ દરમિયાન **કુલ ૭** તજજ્ઞોની સેવાઓ લેવામાં આવી હતી.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન-૨ કોઈ પણ જ્ઞાતિ/જાતિ કે જૂથનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ કરવા અંગેની **કાર્યપદ્ધતિ અને માપદંડો** શું છે.

જવાબ:- **માન.અધ્યક્ષશ્રી,** કાર્યપદ્ધતિની વાત કરુ તો...

પંચના સર્વપ્રથમ અધ્યક્ષશ્રી પી. આર. ગોકુલક્રિશ્નન દ્વારા પંચની કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવેલ છે. જે મુજબ કોઈ જ્ઞાતિ/ સમાજ તરફથી મળેલ રજૂઆત પરત્વે પંચ દ્વારા સૌપ્રથમ રાજ્યવ્યાપી સર્વે તથા ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવે છે. ત્યારબાદ સંબંધિત સરકારી રેકર્ડ તથા આનુષાંગિક દસ્તાવેજો મંગાવી તેની ચકાસણી તેમજ પૃથ્થકરણ કરવામાં આવે છે. આવી વિગતવાર ચકાસણી તેમજ ખરાઈ કર્યા બાદ પંચ દ્વારા એક કરતાં વધુ તજજ્ઞો/ નિષ્ણાંતોને આમંત્રિત કરી, તેઓનો અભિપ્રાય મેળવીને જ અહેવાલ તૈયાર કરવામાં આવે છે. ત્યાર બાદ આ અહેવાલ સરકારશ્રીને સુપ્રત કરવામાં આવે છે. યોગ્ય વિચારણાના અંતે, પંચની ભલામણ અન્વયે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં જરૂરી સુધારો કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,** આ ઉપરાંત માપદંડોની વાત કરૂ તો...

કોઈ પણ જ્ઞાતિ/જાતિ કે જૂથનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ કરવા અંગે નામ.સુપ્રિમ કોર્ટે ઈન્દ્રાસહાની વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પછાતપણાને ધ્યાનમાં રાખીને જ્ઞાતિ/જાતિ કે જૂથનો સમાવેશ કરવા બાબતે માપદંડો નક્કી કરવામાં આવેલ છે. જેની વિગતવાર ચર્ચા કરુ તો....

**માન.અધ્યક્ષશ્રી,**

## ૧. સામાજિક પછાતપણું

સૌથી મોટો ભાર સામાજીક પછાતપણા પર આપવામાં આવે છે. એટલે કે કોઈપણ જ્ઞાતિ, જાતિ કે જૂથને સમાવિષ્ટ થવાનું મુખ્ય કારણ સમાજથી તેમનું અતડાપણુ અને સમાજમાં તેમનો સમાનતા પર અસ્વિકાર તે છે. કોઇ પણ જાતની પ્રવૃતિ માટે તેમનો બહિષ્કાર થતો હોય, તેમને બહાર રહેવાની ફરજ પાડવામાં આવતી હોય જેના કારણે માનસિક લઘુતાગ્રંથી અનુભવતા હોય, તેવા સમુદાયને સમાવિષ્ટ કરવાની સુપ્રિમ કોર્ટે ભલામણ કરી છે. ટુંકમાં જે જ્ઞાતિ, જાતિ, કે જૂથ સમાજના મુખ્ય પ્રવાહમાં માનસિક રીતે ભળવા સક્ષમ ન હોય તેમને પ્રાથમિકતા આપવી જરૂરી.

## ૨. શૈક્ષણિક પછાતપણું

ઉપર જણાવેલા માનસિક પછાતપણાના પરિણામ રૂપે શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ ન હોય તે આ જાતિનું અન્ય પછાત વર્ગોમાં સમાવેશ થવાનું બીજુ કારણ છે.

## ૩. આર્થિક પછાતપણું

ઉપર જણાવેલા બે કારણોસર કોઇ પણ જ્ઞાતિ, જાતિ કે જૂથ કોઇ સ્વતંત્ર વ્યવસાય, ઉદ્યોગ કે મજૂરી કરવા સક્ષમ ન થઇ શકતો હોય જેના પરિણામ રૂપે તેમને સરકારી ટેકાની જરૂર હોય તો જ તેમને અન્ય પછાત વર્ગમાં સમાવેશ કરવા લાયક ગણી શકાય.

ઉપર જણાવેલી પ્રક્રિયાના અંતે જ કોઇ પણ જ્ઞાતિ, જાતિ કે જૂથ આ માપદંડને અનુરૂપ તેમનું જીવન હોય તો જ તેમની ભલામણ થાય છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન:-૩ અન્ય પછાત વર્ગો માટેના પંચની રચનાથી લઈને આજદિન સુધી **કેટલી જાતિઓને** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવેશ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવેલ છે? તે પૈકી **કેટલી ભલામણોનો** રાજ્ય સરકાર દ્વારા **સ્વીકાર** કરવામાં આવેલ છે અને કેટલી ભલામણો **અનિર્ણિત** છે અથવા **અસ્વીકાર** કરવામાં આવેલ છે?

જવાબ:**- માન.અધ્યક્ષશ્રી,**

અન્ય પછાત વર્ગો માટેના પંચની રચનાથી લઈને આજ દિન સુધી કુલ–૨૫ જ્ઞાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવેશ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવેલ છે. પંચ દ્વારા કરવામાં આવેલ ભલામણ હેઠળની તમામ ૨૫ જ્ઞાતિઓનો રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. આમ, હાલમાં રાજ્ય સરકાર પાસે કોઈ ભલામણ પડતર નથી તેમજ કોઈ ભલામણનો અસ્વીકાર પણ કરવામાં આવેલ નથી.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્નઃ-૪ અન્ય પછાત વર્ગો માટેના પંચમાં અધ્યક્ષશ્રી સિવાય કેટલા **સભ્યોની નિમણૂક** કરવામાં આવી? અને જો સભ્યોની નિમણૂક કરવામાં ન આવેલ હોય તો નિમણૂક અંગે **કોઈ વિચારણા હાથ ધરવામાં** આવેલ છે કે કેમ?

જવાબ:- **માન.અધ્યક્ષશ્રી,**

આ વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૩ના ઠરાવથી પંચમાં ચેરમેન તરીકે શ્રી આર. પી. ઢોલરિયા, નામ. ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયધીશની નિમણૂક કરવામાં આવેલ છે. (આ પંચમાં સભ્યોને નિમણૂક આપવાની હાલ કોઈ જોગવાઈ નથી અને આથી સભ્યોની નિમણૂક અંગે કોઈ વિચારણા હાથ ધરવામાં આવેલ નથી. ) મેટર હાલ સબજ્યુડીસ છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન:-૫ અન્ય પછાત વર્ગો માટેના પંચમાં સભ્યોની **નિમણૂક ના કરવા** પાછળના શાં **કારણો** છે?

જવાબ:**- માન.અધ્યક્ષશ્રી,**

પંચ દ્વારા કોઈ જ્ઞાતિ/ સમાજ તરફથી મળેલ રજૂઆત પરત્વે પંચ દ્વારા સૌપ્રથમ રાજ્યવ્યાપી સર્વે તથા ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવે છે. ત્યારબાદ સંબંધિત સરકારી રેકર્ડ તથા આનુષાંગિક દસ્તાવેજો મંગાવી તેની ચકાસણી તેમજ પૃથ્થકરણ કરવામાં આવે છે. આવી વિગતવાર ચકાસણી તેમજ ખરાઈ કર્યા બાદ પંચ દ્વારા એક કરતાં વધુ તજજ્ઞો/ નિષ્ણાંતોને આમંત્રિત કરી, તેઓનો અભિપ્રાય મેળવીને જ અહેવાલ તૈયાર કરવામાં આવે છે. ત્યાર બાદ આ અહેવાલ સરકારશ્રીને સુપ્રત કરવામાં આવે છે. તેમજ પંચની રચનાથી લઈને આજદિન સુધી અંદાજિત ૩૦ વર્ષ જેટલો સમય સુચારૂપણે પૂર્ણ થયેલ છે. આથી, જે તજજ્ઞો/ નિષ્ણાંતોના અભિપ્રાય મેળવવામાં આવે છે તેઓને પંચમાં સ્થાન આપવાને બદલે વિચારણા હેઠળના પ્રશ્નને અનુરૂપ તજજ્ઞો/ નિષ્ણાંતોને આમંત્રિત કરવાની સ્વતંત્રતા રાખવાથી તેઓના વિશિષ્ટ જ્ઞાન થકી રાજ્ય સરકારને યોગ્ય નિર્ણય કરવામાં વધુ લાભ થશે.

**મુખ્ય પેજ પર જવા માટે**

## પૂરક નોંધ

ઓબીસી કમિશનમાં ચેરમેન અને સભ્યોની નિમણૂક

(૧) પંચની રચના:- નામ. સુપ્રીમ કોર્ટની બંધારણીય ખંડપીઠના ઈન્દ્રા સાહની કેસમાં તા.૧૬/૧૧/૧૯૯૨ના ચુકાદા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (S.E.B.C.)ની યાદીમાં કોઈ નવી જાતિ/જ્ઞાતિનો ઉમેરો/બાદબાકી કરવા રાજ્ય કક્ષાએ એક કાયમી સંસ્થાની સ્થાપના કરવા આદેશ આપવામાં આવેલ. જેના અનુસંધાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૦૩/૧૯૯૩ના ઠરાવથી અન્ય પછાત વર્ગોનું પંચ તરીકે એક કાયમી પંચની રચના કરવામાં આવેલ છે.

(૨) પંચની કાર્યપદ્ધતિ: અન્ય પછાત વર્ગો માટેનું પંચ કઈ રીતે કામ કરશે અને તેની કાર્યપદ્ધતિ શું હશે? તે અંગે પંચના સર્વપ્રથમ અધ્યક્ષશ્રી પી. આર. ગોકુલક્રિશ્નન દ્વારા  પંચની કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવેલ છે. જે મુજબ કોઈ જ્ઞાતિ/ સમાજ તરફથી મળેલ રજૂઆત પરત્વે પંચ દ્વારા સૌપ્રથમ રાજ્યવ્યાપી સર્વે તથા ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવે છે. ત્યારબાદ સંબંધિત સરકારી રેકર્ડ તથા આનુષાંગિક દસ્તાવેજો મંગાવી તેની ચકાસણી તેમજ પૃથ્થકરણ કરવામાં આવે છે. આવી વિગતવાર ચકાસણી તેમજ ખરાઈ કર્યા બાદ પંચ દ્વારા એક કરતાં વધુ તજજ્ઞો/ નિષ્ણાંતોને આમંત્રિત કરી, તેઓનો અભિપ્રાય મેળવીને જ અહેવાલ તૈયાર કરવામાં આવે છે. ત્યાર બાદ આ અહેવાલ સરકારશ્રીને સુપ્રત કરવામાં આવે છે. યોગ્ય વિચારણાના અંતે ભલામણ હેઠળની જાતિનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત  વર્ગોની યાદીમાં ઉમેરો/બાદબાકી કરવામાં આવે છે.

(૩) વધુમાં આ વિભાગના તા.૧૯/૧૦/૨૦૨૨ના ઠરાવથી પંચના અન્ય ટર્મ્સ ઓફ રેફરન્સ નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ પંચને નીચે મુજબની વધુ કામગીરી સોંપવામાં આવેલ છે.

1) રાજ્ય સરકાર હેઠળના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના અનામતનો લાભ મેળવવા માટે મૂળ ગુજરાતી નક્કી કરવા અંગે અભિપ્રાય આપવા બાબત.
2) અન્ય પછાત વર્ગો માટેના પંચની રચના પહેલાના એટલે કે તા.૧૮/૩/૧૯૯૩ પહેલાના નામ. જસ્ટિસ બક્ષીપંચ, માંડલ પંચ તથા અન્ય પંચો દ્વારા કરવામાં આવેલ ભલામણના આધારે સમાવેશ થયેલ જાતિઓ અંગે અભિપ્રાય આપવા બાબત.
3) વિચરતિ અને વિમુક્ત જાતિઓ અંગે અભિપ્રાય આપવા બાબત.
4) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા વિચરતિ વિમુક્ત જાતિઓમાં પર્યાયવાચી શબ્દો ઉમેરવા અંગે અભિપ્રાય આપવા બાબત.
5) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/ અન્ય પછાત વર્ગમાં સમાવિષ્ટ જાતિઓમાં પછાતપણાના આધારે વધુ પછાત કે અતિપછાત જાતિઓ તરીકેનું વર્ગીકરણ (sub categorization) કરવા અંગે અભિપ્રાય આપવા બાબત.
6) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ થયેલ જાતિઓ મુજબની જાતિઓ અન્ય ધર્મ (ખાસ કરીને મુસ્લિમ ધર્મ)માં અસ્તિત્વ ધરાવતી હોય તો તેના સામાજિક દરજ્જાનો તુલનાત્મક અભ્યાસ જેવી બાબત.
7) ભારત સરકારની ગુજરાત રાજ્ય માટેની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં કોઈ નવીન જાતિ/પર્યાયવાચી શબ્દ  ઉમેરવા કે રદ્દ કરવા બાબતે ભારત સરકારને કરવાની દરખાસ્ત અંગે અભિપ્રાય આપવા બાબત.
8) અન્ય પછાત વર્ગોને પ્રભાવિત કરનાર તમામ નીતિ વિષયક બાબત તેમજ આ ઉપરાંત સરકારશ્રી દ્વારા અન્ય બાબતો અંગે માંગવામાં આવતા અભિપ્રાયો બાબત.

(૪) <u>પંચનું મહેકમ:-</u> આ વિભાગના તા.૦૧/૦૨/૨૦૨૨ના ઠરાવથી પંચમાં ચેરમેન તરીકે શ્રી આર. પી. ઢોલરિયા, નામ. ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયધીશની નિમણૂક કરવામાં આવેલ છે. વધુમાં, પંચના અધ્યક્ષશ્રી સિવાય પંચમાં કુલ-૨૬નો બહોળો સ્ટાફ છે. આમ, પંચ પાસે પૂરતા પ્રમાણમાં માનવબળ ઉપલબ્ધ છે તેમજ પંચ પોતાની કામગીરી સરળ તેમજ સુવ્યસ્થિત રીતે કરી શકે તેવા ઉમદા હેતુસર રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે પૂરતું અનુદાન આપવામાં આવે છે.

(૫) અન્ય પછાત વર્ગો માટેના પંચની રચનાથી લઈને આજ દિન સુધી કુલ-૨૫ જ્ઞાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં સમાવેશ કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવેલ છે. પંચ દ્વારા કરવામાં આવેલ ભલામણ હેઠળની તમામ ૨૫ જ્ઞાતિઓનો રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. આમ, અદ્યતન સ્થિતિ મુજબ, ગુજરાત રાજ્ય દ્વારા સ્વીકૃત્ત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની યાદીમાં કુલ- ૧૪૬ જાતિ/ સમૂહો સમાવિષ્ટ છે. તેમજ ભારત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્ય માટે જાહેર કરેલ અન્ય પછાત વર્ગોની યાદીમાં કુલ-૧૦૪ જાતિ/સમૂહો સમાવિષ્ટ છે.

## અન્ય પછાત વર્ગો માટેના પંચના જે તે સમયના અધ્યક્ષશ્રી વખતે સેવા આપેલ તજજ્ઞોના નામ તથા હોદ્દા અંગેની વિગતો

| પંચના અધ્યક્ષશ્રીનું નામ | ક્રમ | તજજ્ઞનું નામ | તજજ્ઞનો હોદ્દો |
|---|---|---|---|
| શ્રી પી. આર. ગોકુલ કિશ્રન,<br>નિવૃત મુખ્ય ન્યાયાધીશ | ૧ | ડાૅ. આર. એચ. ધોળકીયા | પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર (આઈ. આઈ. એમ.) |
| | ૨ | શ્રી વી. બી. સવદાસીયા | નિયામક - અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકશ્રીની કચેરી |
| | ૩ | ડાૅ. શ્રી વી. વી. રામાસુબ્બારાવ | આઈ. એ. એસ., હાવર્ડ યુનિવર્સિટી માંથી "માસ્ટર ઈન પબ્લિક એડમિનિસ્ટ્રેશન" માં પી.એચ.ડી.<br>સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ |
| | ૪ | શ્રી આર. કે. શાહ | આઈ. એ. એસ., સચિવશ્રી–સમાજ કલ્યાણ વિભાગ |
| | ૫ | શ્રીમતી લીલા વીસારીઆ | પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાંથી વસ્તીશાસ્ત્ર શહેરી સમાજશાસ્ત્ર અને સામાજીક સ્તરીકરણમાં વિશિષ્ટતા સાથે સમાજશાસ્ત્રમાં પી. એચ. ડી. |
| સુ. શ્રી સુજ્ઞાબેન ભટ્ટ<br>નિવૃત ન્યાયાધીશ | ૧ | ડાૅ. ઉષાબેન શર્મા<br>**(M.A., Ph.D.)** | સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશિયલ રીસર્ચ અમદાવાદ |
| | ૨ | પ્રો. ધીરૂભાઈ બી. દેસાઈ | હેડ ઓફ ડિપાર્ટમેન્ટ સોશ્યોલોજી ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ૩ | ડાૅ. ગૌરાંગ ઠાકોરભાઈ જાની<br>**(M.A., M.Phil, Ph.D.)** | પ્રોફેસર, સોશ્યોલોજી ડિપાર્ટમેન્ટ સ્કુલ ઓફ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ૪ | ડાૅ. આર. એચ. ધોળકીયા | પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર (આઈ.આઈ.એમ.) |
| | ૫ | ડાૅ. ચંદ્રીકાબેન કાંતિલાલ રાવલ<br>**(M.A., Ph.D.)** | સમાજશાસ્ત્ર લેકચરર, સોશ્યોલોજી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ૬ | ડાૅ. આમ્રપાલી મર્ચન્ટ<br>**(M.A., L.L.B., Ph.D.)** | વાઈસ ચાન્સેલર, ડાૅ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| | ૭ | ડાૅ. ચંદ્રકાંત ઉપાધ્યાય<br>**(M.A., Ph.D.)** | ડાયરેકટર, ટ્રાયબલ રીસર્ચ સેન્ટર, ગુજરાત વિધાપીઠ, અમદાવાદ. |